# કોરેન્ટાઇન, આઇશોલેશન અને સોશિયલ  ડિસ્ટન્સીંગ વચ્ચેનો ભેદ

કોરોનાના એ દુનિયાને ભરડો લીધો છે ત્યારે સૌ વ્યક્તિ તેના પરિચયમાં આવી ગયા છે. આજે ભણેલો અને અભણ, ગરીબ અને શ્રીમંત સૌ તેના જાણકાર હોય તેમ વાત કરે છે. કોરોનાને કારણે સમાજમાં ત્રણ શબ્દો ખૂબ જ  પ્રસિદ્ધ થયા છે. ક્વોરૅન્ટીન (કોરેન્ટાઇન), આઈશોલેશન અને સોસિયલ ડીસ્ટનસિંગ. આ ત્રણે શબ્દોનો ગુજરાતી અર્થ જોઈએ તો ક્વોરૅન્ટીન એટલે સંસર્ગનિષેધ(અલગ પાડવું), આઈશોલેશન એટલે  એકલું, અળગું, સોસિયલ ડીસ્ટનસિંગ એટલે સામજિક અંતર. આપણા સમાજમાં બધા લોકો ઉપરોક્ત શબ્દો વાપરતા થઇ ગયા છે, ઘણાં લોકો તે શબ્દોનો ઉપયોગ ખોટા સંદર્ભમાં કે ખોટી સમજ સાથે કરે છે.

કોરેન્ટાઈન - ક્વોરૅન્ટીનનો અર્થ ગુજરાતીમાં થાય છે – સંસર્ગનિષેધ. એટલે કે, જયારે કોઈ વ્યક્તિ ચેપી રોગ ધરાવતી વ્યક્તિના સંપર્કમાં આવે તો મૂળ વ્યક્તિને ચેપ લાગવાની શક્યતા છે. આ ચેપ લાગવાથી તે વ્યક્તિમાં જે તે ચેપી રોગના લક્ષણો આવવાની શક્યતા છે, આમ થતા તે વ્યક્તિ જો અન્ય  કોઈના સંપર્કમાં આવે તો અન્ય વ્યક્તિને પણ ચેપ લાગવાની શક્યતા છે. આમ રોગનો ફેલાવો થવાની સંભાવના  વધી જાય છે. જેથી મૂળ વ્યક્તિ કે જે રોગી વ્યક્તિના સંપર્કમાં આવી હતી તેને અલગ પાડવામાં આવે છે. જેને આપણે કોરેન્ટાઈન – ક્વોરૅન્ટીન કે  – સંસર્ગનિષેધ કહીશું. આમ કરવા પાછળનો મુખ્ય હેતુ રોગના પ્રસારને ફેલાતો અટકાવવા માટેનો છે. અહી ઉદાહરણ દ્વારા સમજીએ. ધારો કે, સુરેશને કોરોના થયેલ છે. તેના સંપર્કમાં કોકિલા આવે છે. અથવા તો કોકિલા એવા વિસ્તારમાં ગઈ હતી કે, જ્યાં કોરોનાની અસર વ્યાપક પ્રમાણમાં જોવા મળી છે. આમ થતા કોકિલામાં કોરોનાના વાયરસ દ્વારા લક્ષણો આવવાની પૂરી શક્યતા છે.  હવે કોકિલા એ હિનાના સંપર્કમાં આવે તો તે ચેપ હિનામાં પણ દાખલ થવાની શક્યતા છે. જેથી કોકિલા અન્ય કોઈના સંપર્કમાં ના આવે તે માટે તેને અલગ કરવામાં આવે છે. તો કોકિલાને  કોરેન્ટાઈન કરી કહેવાય. અહી કોકિલાને કોરોના  હોઈ શકે છે , પરંતુ લક્ષણો ના પણ બતાવે. એટલે કે, કોકિલાને કોરોના થયો નથી, પણ તેનામાં કોરોના હોવાની શંકા-શક્યતા કે સંભાવના છે. તેવી જ રીતે કદાચ કોઈ વ્યક્તિને શંકા છે કે, તે કોરોનાથી સંક્રમિત છે, અથવા તો તેને શરદી, ઉધરસ કે શ્વાસ લેવામાં તકલીફ છે. તો તે વ્યક્તિ પોતાની જાતને પોતાના ઘરના એક ઓરડામાં અન્ય વ્યક્તિઓથી અલગ કરી દે તો પરિવારમાં કે સમાજમાં કોરોના વાયરસનું સંક્રમણ થાય નહિ. આ માટે બે શબ્દો છે સેલ્ફ  કોરેન્ટાઈન અને હોમ  કોરેન્ટાઈન. પોતે પોતાની જાતને અન્યથી અલગ કરી છે માટે સેલ્ફ કોરેન્ટાઈન. પોતે પોતાના ઘરમાં જ અન્યથી અલગ થયા છે માટે હોમ  કોરેન્ટાઈન. આમ  કોરેન્ટાઈન એટલે રોગ થવાની શક્યતા કે સંભાવનાને આધારે અન્યથી અળગા રહેવું. જેમાં રોગ થયો નથી શંકા અને સંભાવના છે.  કોરોનાનો ચેપ લાગવાથી તેના લક્ષણો તાત્કાલિક દેખાતા નથી. કેટલાક દિવસ પછી જ ચોક્કસ ખાતરી થાય છે કે તેનામાં કોરોના છે કે કેમ ? માટે 14 દિવસ સુધી  કોરેન્ટાઈન રાખવામાં આવે છે.  કોરેન્ટાઈનમાં મુખ્યત્વે લોકોથી અંતર રાખવામાં આવે છે. આ વ્યક્તિને ઘરમાં જ અલાયદી રાખવામાં આવે છે. ટ્રાવેલ પર પ્રતિબંધ હોય છે. કોઈ સોસાયટીને કોરેન્ટાઈન કરેલ હોય તો વ્યક્તિ સોસાયટીમાં ફરી શકે પણ તેની બહારના ક્ષેત્રમાં જઈ ના શકે. માસ્ક પહેરવું ફરજીયાત નથી.

આઈશોલેશન એ  કોરેન્ટાઈનથી અલગ છે. આઇશોલેશન એવી વ્યક્તિ માટે છે કે જેને કોઈ ચેપી રોગ થયો છે. હા, જેને હકીકતમાં રોગ થયેલો છે. આવી વ્યક્તિ અન્ય વ્યક્તિના સંપર્કમાં ના આવે તે માટે તેને અલગ કરવામાં આવે છે. જેને આઇશોલેશન કહેવામાં આવે છે. આઇશોલેશન  ઘર કે હોસ્પિટલમાં હોઈ  શકે. જો ઘરમાં હોય તો તેને અલગ ઓરડો, બાથરૂમ સાથે ખાવાના વાસણો, ટુવાલ, પથારી કે અન્ય વસ્તુઓ અલગ રાખવામાં આવે છે. આમછતાં દર્દીને સારવાર સારી મળે અને બીજા કોઈના સંપર્કમાં ભૂલથી પણ ના આવે. તે માટે હોસ્પિટલ કે અન્ય સારવાર કેન્દ્રો પર આઇશોલેશન કરવું વધુ હિતાવહ છે. વ્યક્તિને ઘર કે હોસ્પીટલ રૂમ બહાર જવા પ્રતિબંધ હોય છે. માસ્ક પહેરવો ફરજીયાત છે. અહી એ બાબતની નોધ લેવાય કે,  કોરેન્ટાઈનમાં રોગ થયો નથી, પણ સંભાવના છે. જયારે આઇશોલેશનમાં રોગ થયેલો છે.

સામાજિક અંતર અને શારીરિક અંતર વચ્ચે  વચ્ચે પણ તફાવત છે. શારીરિક અંતરમાં એક વ્યક્તિએ બીજી વ્યક્તિથી અંતર રાખવાનું છે. જેથી વાયરસને ચેપ ફેલાતો અટકાવી શકાય. અત્યારે સામાજિક અંતરમાં શારીરિક અંતરનો

સમાવેશ કરવામાં આવ્યો છે. સામાજિક અંતર એટલે અન્ય લોકોથી થોડી દૂરીનું છ ફૂટ કે બે મીટરનું અંતર. રોગના ફેલાવાને રોકવા માટે ઘરની બહાર અન્ય લોકો સાથે અંતર રાખવું. લોકોના મોટા જૂથો (તેથી સામાજિક) માં નજીકનો સંપર્કને ઘટે છે, પણ અંતર વધે છે. સામાજિક અંતરમાં એકત્રિત લોકો વચ્ચે ના રહેવું, સામૂહિક મેળાવડાઓ ટાળવા અને શક્ય હોય ત્યારે અન્યથી જરૂરી અંતર જાળવવું, શોપિંગ સેન્ટર, થિયેટરો, સ્ટેડિયમ જેવા સ્થળો પર ના જવું. સામાજિક અંતરમાં મેળાવડા, પરિષદો, વર્ગો અને રમતગમતના કાર્યક્રમોને રદ કરવામાં આવે છે. સામૂહિક પરિવહન અને મુસાફરીને પ્રતિબંધિત કરવા માં આવે છે. સામાજિક અંતર એ બિન-ફાર્માસ્યુટિકલ ચેપ નિવારણ અને નિયંત્રણ કરવા માટેનો ઉપાય છે. જે રોગ પેદા કરતા જીવાણુ ને ફેલાતો અટકાવે છે. જેથી રોગના સંક્રમણના દર અને હદને રોકી શકાય છે અથવા ધીમા કરી શકાય. આખરે આ રોગ ના ફેલાવાના અને મૃત્યુદરમાં ઘટાડો થાય છે. માનવી સામાજિક પ્રાણી છે, જેથી તે સમાજમાં રહે છે અને અન્ય વ્યક્તિ સાથે સંપર્કમાં રહેવું ગમે જ છે. ત્યારે આજના સમયમાં ડિજિટલ ટેકનોલોજી અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને મિત્રો, કુટુંબીઓ અને અન્ય વ્યક્તિઓ સાથે સંપર્કમાં રહે છે.

ભૂતકાળમાં, રક્તપિત્ત અને પ્લેગ જેવા ચેપી રોગો સામેની ચોક્કસ સારવાર દુર્લભ હતી ત્યારે બિમાર વ્યક્તિને અલગ રાખવામાં આવતો હતો. જેને આપણે ક્વોરેન્ટાઇન-સંસર્ગનિષેધ કહી શકીએ. . આજની રસી અને એન્ટીબાયોટીક્સની દુનિયામાં પણ સંસર્ગનિષેધની ભૂમિકા છે. ક્વોરેન્ટાઇન એ કોરોના વખતે આવેલ ખ્યાલ નથી. સંસર્ગનિષેધની વિભાવના બાઇબલના સમયથી જાણીતી છે. બાઇબલના પુસ્તકમાં મોઝેઇક કાયદા હેઠળ રોગના ફેલાવાને રોકવા માટે ચેપગ્રસ્ત લોકોને અલગ પાડવાની કાર્યવાહીનું વર્ણન છે . મોહમ્મદ પયગંબરે સંસર્ગનિષેધની સલાહ આપી હતી કે ચેપી રોગોવાળા લોકોને તંદુરસ્ત લોકોથી દૂર રાખવા જોઈએ. ઇસ્લામ ઇતિહાસમાં રક્તપિત્ત સહિત દર્દીઓના વિશેષ જૂથોની હોસ્પિટલમાં સંસર્ગનિષેધની શરૂઆત થઈ હતી. 707માં ખલીફા અલ-વાલિદે દમાસ્કસમાં રક્તપિત્તથી સંક્રમિત લોકોને અલગ રાખવા માટે પહેલી હોસ્પિટલ બનાવી હતી. સામાન્ય હોસ્પિટલોમાં રક્તપિત્ત માટે ક્વોરેન્ટાઇનની પ્રથા વર્ષ 1431 ફરજીયાત બનાવી.

રક્તપિત્ત એ પ્રથમ દસ્તાવેજી રોગ છે, જેના માટે ક્વોરેન્ટાઇન લાગુ કરેલ. બ્લેક ડેથ પ્રથમ વખત યુરોપમાં 1347 માં દેખાયો હતો. જેમાં યુરોપના ૩૦ ટકા લોકો મૃત્યુ પામ્યા હતા. પ્લેગ જેવા રોગને નાથવા બંદરો પર પહોંચતા જહાજોના ક્રૂનું નિયમિત નિરીક્ષણ કરવામાં આવતું હતું. જો રોગ હોવાના પુરાવા મળ્યા હોય તો જહાજોને જરૂરિયાત મુજબ ૪૦ દિવસ માટે અલગ કરવામાં આવતા. કારણ કે પ્લેગથી મૃત્યુ પામવામાં 37 દિવસનો સમય લાગી શકે છે . પ્લેગ પીડિતોની સારવાર માટે પ્રથમ કાયમી હોસ્પિટલ 1423 માં વેનિસમાં સાન્ટા મારિયા ડી નઝારેટ નામના ટાપુ પર સ્થપાઇ હતી. 1600 ના દાયકાની શરૂઆતમાં અંગ્રેજીમાં " આયશોલેશન- અલગતા" નો અર્થ ઇટાલિયન 'ક્વોરેન્ટાઇન –સંસર્ગનિષેધ, ચાળીસ દિવસના સમયગાળાથી આવે છે, 19 મી સદીની શરૂઆતમાં ડિપ્થેરિયા એ મૃત્યુના મુખ્ય કારણોમાંનું એક બન્યું.

સ્પેનમાં પીળો તાવ કે જે મચ્છર દ્વારા ફેલા યો હતો. 19 મી સદીમાં એવું માનવામાં આવતું હતું કે મુસાફરો અને ઇમિગ્રન્ટ્સ પણ તેનું કારણ છે. આ સમયગાળામાં એશિયા માં કોલેરાનું આગમન પણ જોવા મળ્યું , જેને કારણે વિશ્વવ્યાપી રોગના ફેલાવાને રોકવા માટેની પદ્ધતિ તરીકે સંસર્ગનિષેધનો વધુ ઉપયોગ થયો. જહાજો અને બંદરોમાં ફ્લેગનો ઉપયોગ રોગની હાજરીને સંકેત આપવા માટે કરવામાં આવતો હતો. પીળો તાવ સૂચવવા માટે પીળા જેક ઉડાડવામાં આવતા. તે આજે પણ ચોક્કસ શિપ સૂચવવા માટે વપરાય છે. અત્યારે ક્વોરેન્ટાઈનનો અમલ જુદા જુદા દેશમાં જુદી જુદી રીતે થાય છે.

**અશોકી** : કોરોના એટલો સ્વમાની છે કે તમે તેને બહારથી બોલાવશો, આમંત્રણ આપશો તો જ તમારા ઘરમાં આવશે. જો તમે તમારા ઘરમાં જ રહેશો તો તે સામા પગલે તમારા ઘેર નહિ જ આવે.